# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 05-09-2025** **Midday : 2.30 to 2.35 pm**
**Day : Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **યશ્વી મહેતા** વાંચે છે.

---

સમાચારનાં અંતે

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચાર નું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

## CM TEACHER AWARDS

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે શિક્ષક દિન નિમિત્તે આજે અમદાવાદમાં રાજ્યના શિક્ષકોને શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક એનાયત કર્યા. આ પ્રસંગે શ્રી પટેલે જણાવ્યુ , દેશ આઝાદીના અમૃતકાળમાં વિરાટ સપના પૂરા કરવા માટે પ્રયાસરત છે ત્યારે ડૉ. રાધાકૃષ્ણને શિક્ષણના ક્ષેત્રમાં કરેલા પ્રયાસો આપણને સૌને પ્રેરણા આપે છે. તેમણે

ઉમેર્યું કે 2020ની નવી શિક્ષણ નીતિના અમલથી દેશના શિક્ષણ ક્ષેત્રે એક નવા અધ્યાયની શરૂઆત થઈ છે.

(બાઇટ : ભૂપેન્દ્ર પટેલ, મુખ્યમંત્રી)

શિક્ષકોની કામગીરીને બિરદાવવા માટે દર વર્ષે રાજ્ય સરકાર દ્વારા "શ્રેષ્ઠ શિક્ષક રાજ્ય પારિતોષિક" આપીને સન્માન કરવામાં આવે છે. આ વર્ષે પણ રાજ્યના કુલ 30 શિક્ષકોની પસંદગી કરવામાં આવી હતી.

# CM FAALO

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે શિક્ષક દિને શિક્ષક કલ્યાણ નિધિમાં ફાળો અર્પણ કર્યો. શિક્ષક કલ્યાણનિધિમાં સ્વૈચ્છિક ફાળો લેવા માટે આજે મુખ્યમંત્રીના નિવાસસ્થાને ગાંધીનગર શહેર અને જિલ્લાની વિવિધ 5 શાળાઓ અને કેન્દ્રીય વિદ્યાલયના બાળકો પહોંચ્યાં હતાં. તેમણે ફાળો લેવા આવેલા શાળાના બાળકો સાથે સહજ સંવાદ કરીને શિક્ષકો પ્રત્યેના તેમના આદરભાવનું આદાન-પ્રદાન પણ કર્યું હતું.

# Teacher's Day

શિક્ષક દિવસ નિમિત્તે આજે વિવિધ જીલ્લાઓમાં શિક્ષકોનું સન્માન કરવામાં આવ્યું ત્યારે કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ અને દિવથી ભેંસલોર શાળાના શિક્ષિકા ભાવિની દેસાઈને રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના હસ્તે રાષ્ટ્રીય શિક્ષક પુરસ્કારથી સન્માનીત કરવામાં આવ્યા હતા. તેઓએ શિક્ષણ માટે વાલીઓને ઘરે જઈને સમજણ આપી ડ્રોપ આઉટ રેશિયો ઓછો કર્યો છે .

જામનગરના જોડિયા તાલુકાનાં શિક્ષિકા દેવાંગીબેન બારૈયાને શ્રેષ્ઠ સિક્ષક રાજ્ય પરિતોષિકથી સન્માનીત કરવામાં આવ્યા. મુખ્યમંત્રીના હસ્તે એવાર્ડ

સ્વીકારનાર આ શિક્ષિકાએ કરેલા ૭ ઇનોવેશન્સ પૈકી ૩ ની રાજ્યકક્ષાએ પસંદગી કરવામાં આવી છે.

તો રાજકોટના લોધિકામાં માખાવાડ પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા અનિલ વૈશ્નાણીને પણ રાજ્યના શ્રેષ્ઠ શિક્ષકના એવોર્ડથી સન્માનીત કરાયા. તેમણે ચુંબકના સિદ્ધાંત પર કાર્ય કરતાં 'શક્તિમાન' સહિત વર્કિંગ રમકડાં બનાવ્યા અને પોસ્ટ કાર્ડ પર ૫૮૦ જેટલા વ્યક્તિ-શબ્દ ચિત્રો દોરવા બદલ લંડન બૂક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન પ્રાપ્ત કર્યું.

તો પાટણ જીલ્લામાં પ્રાથમિક અને માધ્યમિક શાળાના 8 જ્યારે મહેસાણામાં તાલુકા અને જિલ્લા કક્ષાના મળી ૭ શીક્ષક તેમજ ગીર સોમનાથમાં કુલ 7 શિક્ષકોનું શ્રેષ્ઠ શિક્ષક તરીકે સન્માન કરવામાં આવ્યું . અરાવલીમાં પણ શ્રેષ્ઠ શિક્ષકોનું સન્માન કરવામાં આવ્યું હતું.

ઉપરાંત દિવની સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળામાં વિધ્યાર્થીઓએ શિક્ષકની ભૂમિકા અદા કરી શિક્ષક દિવસની અનોખી ઉજવણી કરી હતી.

# GUJARAT RAIN

રાજ્યમાં સિઝનનો કુલ સરેરાશ 95 ટકાથી વધુ વરસાદ નોંધાયો છે. આજે 89 તાલુકામાં વરસાદ નોંધાયો છે જેમાં સૌથી વધુ વલસાડ જિલ્લાના ધરમપુરમાં અઢી ઈંચથી વધુ વરસાદ વરસ્યો છે. સાર્વત્રિક વરસાદના પરિણામે રાજ્યના 114 જળાશય હાઇએલર્ટ પર છે. જ્યારે 25 જળાશયને એલર્ટ પર રખાયા છે. રાજ્યની જીવાદોરી સમાન નર્મદા બંધ 90 ટકા ભરાયો છે. દરમિયાન ભરૂચમાં નર્મદા નદીનું જળસ્તર ભયજનક 24 ફૂટને પાર જતા સંભવિત પુરની પરિસ્થિતિને લઈને નિચાણવાળા વિસ્તારોમાં એલર્ટ કરવામાં આવ્યા છે. જિલ્લા કલેક્ટર ગૌરાંગ મકવાણાએ કહ્યું સમગ્ર પરિસ્થિતિ પર તંત્રની નજર રાખી રહ્યું છે.

(બાઇટ : ગૌરાંગ મકવાણા, જિલ્લા કલેક્ટર)

તાપી જિલ્લાના ઉકાઇ બંધમાંથી એક લાખ 63 હજાર ક્યુસેક પાણી તાપી નદીમાં છોડાતા નદીની આસપાસના વિસ્તારને એલર્ટ કરાયા છે. જ્યારે ડાંગ જિલ્લાની ગિરા , ખાપરી, અંબિકા, પૂર્ણા નદીના જળસ્તરમાં પણ વધારો થયો છે.

# AMBAJI DRONE

અંબાજીમાં સૌ પ્રથમવાર 400 ડ્રોન થકી ભવ્ય ડ્રોન લાઇટ શો યોજાયો. જેમાં અંબાજી માતાજીની આકૃતિ , લખાણ, ત્રિશૂળ અને શક્તિના પ્રતીકો જેવી અદ્દભુત રચનાઓ બની હતી. રોશની થકી ઊડતા ડ્રોનના દ્રશ્યોએ શ્રદ્ધાળુઓને મંત્રમુગ્ધ કરી દીધા હતા. આ અનોખા ડ્રોન શૉ થી અંબાજીની ગૌરવશાળી સંસ્કૃતિ , અધ્યાત્મ અને આધુનિક ટેકનોલોજીનો અનોખો સમન્વય પ્રદર્શિત કરાયો હતો.

# SOMNATH MANDIR

ચંદ્રગ્રહણને કારણે શ્રી સોમનાથ મંદિર તથા ટ્રસ્ટ હસ્તકના તમામ મંદિરોમાં દૈનિક પૂજા–આરતી યોજાશે નહીં. મંદિર માત્ર દર્શનાર્થીઓ માટે ખુલ્લું રહેશે. 7 સપ્ટેમ્બરના રોજ ચંદ્રગ્રહણને પગલે , શ્રી સોમનાથ મંદિર તથા ટ્રસ્ટ હસ્તકના તમામ મંદિરોમાં મધ્યાહન પુજન-આરતી તેમજ સાયં આરતી સહિત નિત્ય પૂજા જેમાં ગંગાજળ અભિષેક, બિલ્વપૂજા, ધ્વજાપૂજા, સોમેશ્વર મહાપૂજન , યજ્ઞ અને રુદ્રાભિષેક ,પાઠાત્મક અનુષ્ઠાન ગ્રહણ દરમિયાન બંધ રહેશે. ગ્રહણ મોક્ષ બાદ 8 સપ્ટેમ્બરના રોજ પ્રાતઃ દૈનિક પૂજા અને આરતી પુનઃપ્રારંભ થશે.